અપીલ અરજી નં.૪૯૧તા.૧૯–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ,રાંદેરઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૦–૦૮–૧૧ની અરજીથી આપની કચેરીની તા. ૨૧–૧૧–૦૯ની જાહેરાત નં.પી.આર.ઓ.૩૫૭ની ૫૫૦ બેલદારોની ભરતીનાં અનુસંધાન બાબતની માહિતીની નકલ મેળવવા બાબતે મુદ્દા નં.(૧) સદર બેલદારોની જાહેરાતનાં કુલ વિતરણ અરજી ફોર્મ ૮૬૪૯૦નું વિતરણ જુદા જુદા ઝોન ધ્વારા કરવામાં આવેલ જેમાંથી આપની કચેરીએ ભરાયને પરત કુલ કેટલા અરજીફોર્મ આવેલ જે અંગેની માહિતીની નકલ (૨) સદર બેલદારની પસંદગીના સ્ટાફ સિલેકશન સમિતિનાં અધિકારીના નામ,પોસ્ટ સહિતની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૯૧/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૦–૦૮–૧૧ની અરજીથી આપની કચેરીની તા. ૨૧–૧૧–૦૯ની જાહેરાત નં.પી.આર.ઓ.૩૫૭ની ૫૫૦ બેલદારોની ભરતીનાં અનુસંધાન બાબતની માહિતીની નકલ મેળવવા બાબતે મુદ્દા નં.(૧) સદર બેલદારોની જાહેરાતનાં કુલ વિતરણ અરજી ફોર્મ ૮૬૪૯૦નું વિતરણ જુદા જુદા ઝોન ધ્વારા કરવામાં આવેલ જેમાંથી આપની કચેરીએ ભરાયને પરત કુલ કેટલા અરજીફોર્મ આવેલ જે અંગેની માહિતીની નકલ (૨) સદર બેલદારની પસંદગીના સ્ટાફ સિલેકશન સમિતિનાં અધિકારીના નામ,પોસ્ટ સહિતની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧)થી (૫) ની માહિતી આપવા બાબતે અપારદર્શી, અપૂરતા, અયોગ્ય અને અધૂરા પ્રત્યુત્તરથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. .

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ સરખી માહિતી અંગે કોઈ પૂર્વ સંદર્ભ અરજી તપાસણી હુકમ હોય તો તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૫૩ તા.૩–૧–૧૨ થી** ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ, રાંદેરઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને તા. ૨૦–૮–૧૧ની અરજી અંગે તા. ૧૯–૧૨–૧૧ના રોજ કરવામાં આવેલ અપીલ બાબતે ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારી(રીક્રુટમેન્ટ)ના પ્રત્યુત્તર બાબતે દિન–૭૪,ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પ્રત્યુત્તર બાબતે દિન–૭૩,પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ

મહેકમ) ના પ્રત્યુત્તર બાબતે દિન–૫૧,ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પ્રત્યુત્તર બાબતે દિન–૫૫,કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પ્રત્યુત્તર બાબતે દિન–૬૪,એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પ્રત્યુત્તર બાબતે દિન–૬૧ તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) અંગે દિન–૫૨ના વિલંબ બાદની અપીલ બાબતે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું સ્પષ્ટ કરવા તથા ફી ભર્યા બાદ અપીલ દરમ્યાન માહિતી મળેલ હોય તો તે બાદ નારાજગીના કિસ્સામાં આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૨૬ તા.૯–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૮૪૮ તા.૨૩–૮–૧૧ થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર તમામઝોન અને પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ, રીક્રુટમેન્ટ) ને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત અરજદારને આપેલી માહિતી અંગેપત્ર નં.સા.વે.ઝોન /અઠવા/આરટીઆઈ/આ.નં.૬૮૭ તા.૧૬–૯–૧૧ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ. નં.૧૯૮૨ તા.૧૧–૧–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેપત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ. નં.૧૦૩૪ તા.૧૫–૯–૧૧ ના પત્રની નકલ તથા રેકર્ડ તપાસણી અંગે અરજદારને પાઠવેલ પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ. નં.૧૯૮૧ તા.૧૧–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ ૩૪૧૪ તા.૧૨–૧–૧૨ થી પૂરક વિગતોમાં સમરી પત્રકની નકલ, નોંધ વિભાગ, તબદીલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને નાણા ભરવા અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/ ૧૮૬૩ તા.૨–૯–૧૧ ના પત્રની નકલ, અરજદારના તા.૭–૯–૧૧ ના પત્રના અનુસંધાને પત્ર નં.જીએડી/ઈએસટી/ ૧૯૬૧ તા.૧૨–૯–૧૧ થી દફતરી ચકાસણી અંગે અરજદારને પાઠવેલ પત્રની નકલ,અરજદારના તા.૧૬–૯–૧૧ ની રજૂઆતનો પત્ર જે ધ્વારા અલગ પત્રક બનાવી રજૂઆત કરેલ છે તેની નકલ પત્ર નં.જીએડી/ ઈએસટી / ૨૦૫૦ તા.૧૭–૯–૧૧ ની પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ ધ્વારા પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને પાઠવેલ પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૬૨૯ તા.૨૬–૯–૧૧ ના પત્રની નકલ, અરજદારને પાઠવેલપત્ર નં.જીએડી/ઈએસટી/ ૨૨૧૩ તા.૨૯–૯–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૦૬ તા.૧૭–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ,અરજદારની મુળ અરજીની નકલ તબદીલ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૦૬ તા.૧૯–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૨૨૬ તા.૧૯–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૪૦૪૦ તા.૧૬–૯–૧૧ ના પત્રની નકલ, પે સેન્ટર એન–૧૨ ,૮,૨૨,ની યાદીની નકલ, અરજદારને નાણા ભરવા માટે પાઠવેલ પત્ર નં. નં.નોર્થઝોન/આ.નં.૪૬૬૭ તા.૫–૧૦–૧૧ ના પત્રની નકલ, અરજદારને અરજી દફતરે કરવા અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૪૯૭૩ તા.૧૭–૧૦–૧૧ ના પત્રનીનકલ, દફતરે કરવા અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૫૩૫૧ તા.૯–૧૧–૧૧ ના પત્રની નકલ, અરજદારે દસ્તાવેજ ફી ભરપાઈ કરતા પત્ર નં.નોર્થઝોન/આ.નં.૫૫૨૮ તા.૧૭–૧૧–૧૧ ના પત્રથી પે સેન્ટર એન–૦૨૨ ના , પે સેન્ટર નં.એન.૦૦૮ ના , પે સેન્ટર નં.એન.૦૧૨ ના પત્રની નકલો અરજદારને આપ્યાના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૦૨ તા.૨૪–૧–૧૨ થી પૂરક વિગતોમાં તબદીલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને મુદ્દા નં.૪ અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૫૬૦ તા.૫–૯–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, સફાઈ બેલદારના યાદીના લીસ્ટની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૩૧ તા.૧૦–૧–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, અરજદારને માહિતી અંગે નાણા ભરવા અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૪૬ તા.૩૦–૮–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેપત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૬૯ તા.૬–૯–૧૧ ના પત્રની નકલ, ડે.કમિ. (સ્પે.) ની પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૫ તા.૨૨–૪–૧૦ ની નોંધની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૮૬૩ તા.૨–૯–૧૧ થી મહેકમ વિભાગને નાણા ભરવા પાઠવેલ પત્રનીન કલ, પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૯૬૧ તા.૧૨–૯–૧૧ થી મધ્યસ્થ મહેકમ વિભાગે ઈન્સ્પેકશન અંગે પાઠવેલ પત્રની નકલ, અરજદારનેપત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૨૯ તા.૨૬–૯–૧૧ ના પત્રની નકલ, ૧૦૨ ડ્રાઈવરોની યાદીની નકલ,પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૬૩ તા.૫–૧૦–૧૧ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા લીંબાયતઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ અરજદાર તરફથી પણ અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની સુરત મહાનગરપાલિકામાં બેલદારોની ભરતી અંગેની માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર અને રીક્રુટમેન્ટને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/ આરટીઆઈ/જાવક/૮૪૮ તા.૨૩–૮–૧૧ થી સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર તમામઝોન તથા પર્સોનલ ઓફિસર

મધ્યસ્થ મહેકમ અને રીક્રુટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/ આ.નં.૪૦૪૦ તા.૧૬–૯–૧૧ થી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૪ જ લાગુ પડે છે જેની માહિતી આપવામાં આવેલ છે.

મુદ્દા નં.(૧) સદર બેલદારોની જાહેરાતનાં કુલ વિતરણ અરજી ફોર્મ ૮૬૪૯૦નું વિતરણ જુદા જુદા ઝોન ધ્વારા કરવામાં આવેલ જેમાંથી આપની કચેરીએ ભરાયને પરત કુલ કેટલા અરજીફોર્મ આવેલ જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી સમય અવધિમાં પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૪૬ તા.૩૦–૮–૧૧ થી મુદ્દા નં.૧ બાબતે કચેરીએથી આપવામાં આવેલ બેલદારની જાહેરાત અનુસંધાને કુલ–૪૩૨૨૫ અરજી ફોર્મ ભરાઈને પરત મળેલ છે. તેવું જણાવેલ છે. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૬૯ તા.૬–૯–૧૧ થી સમય અવધિમાં બેલદારની જાહેરાતના અનુસંધાને રીક્રુટમેન્ટની કચેરીને કુલ ૪૩,૨૨૫ અરજી ફોર્મ ભરાઈને પરત મળેલા હતાં. તેવું જણાવેલ છે.

મુદ્દા નં. (૨) સદર બેલદારની પસંદગીના સ્ટાફ સિલેકશન સમિતિનાં અધિકારીના નામ,પોસ્ટ સહિતની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૪૬ તા.૩૦–૮–૧૧ થી સમય અવધિમાં મુદ્દા નં.૨ ની માહિતી પાના નંગ–૦૨ થાય છે. પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૪/– જમા કરાવ્યેથી માંગ્યા મુજબની માહિત બાબતે આગળની ઘટિત કાર્યવાહી કરવામાં આવશે. તેવું જણાવેલ છે. ત્યાર બાદ મુદ્દા નં.૨ માં રીક્રુટમેન્ટ કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ તા.૨૨–૪–૧૦ ના રોજ કાઢવામાં આવેલ નોંધ મુજબ તમામઝોનમાં કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ રસીદ નં.૪૯૭૧૯૮ થી જમા કરવામાં આવેલ નકલ ફી ના રૂા.૪/– બાબતે નોંધની નકલ પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી અરજદારને મુદ્દા નં.૨ થી માંગવામાં આવેલી સ્ટાફ સીકેલશનની નામ સહિતની માહિતીની વિગતો અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી.

મુદ્દા નં.(૩) પસંદગી થયેલા બેલદારના નામ, જાતિ, શૈક્ષણિક લાયકાતની વિગત, કયા ઝોન વિભાગમાં મુકવામાં આવેલ હોય જેની માહિતીની યાદી સ્કુલ લિવીંગના જન્મ તારીખ સહિતની યાદી. જે અંગે કતારગામઝોન તરફથી અરજદારને અનુક્રમ નંબર, કર્મચારીનં નામ, નંબર, હોદ્દો , વિભાગનું નામ, જાતિ શૈ. લાયકાત અને રીમાકર્સ મુજબના પ્રફોર્મામાં પે સેન્ટર કતારગામ ઝોન તરફથી જે યાદી પૂરી પાડાવામાં આવેલ છે . જે અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ધ્વારા તપાસણીનો પ્રસ્તાવ સમય અવધિમાં કરેલ તે ન મળવતાં અરજદાર ધ્વારા ચોકકસ પત્રકમાં માહિતીનો આગ્રહ રાખેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ ધ્વારા તે રીતે નિભાવવામાં આવતું નહીં હોવાનું જણાવેલ.

મુદ્દા નં.(૪) સદર તાલીમાર્થી બેલદારોની પસંદગી કર્યા બાદ જે તે ઝોનમાં મુકવામાં આવેલ હોય જે ઝોન વિભાગમાં ડીસેમ્બર ૨૦૦૯ માં કાર્ય કરતાં કુલ બેલદારોની નામ, કર્મચારી નંબર સહિતની માહિતીની સંખ્યાની યાદીની નકલ. તથા તમામઝોન/વિભાગમાં કુલ કેટલા બેલદારોની સંખ્યા ડીસેમ્બર ૨૦૦૯ ની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબત જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૮૭ તા.૧૬–૯–૧૧ થી નિયત સમય અવધિમાં " માંગવામાં આવેલી આંશિક માહિતી અન્વયે અરજીમાં મુદ્દા નં.૪ ની માંગ્યા મુજબની માહિતીના એ/૪ સાઈઝ પાનાની નકલ (પાના નંગ–૦૩) પાના દીઠ રૂા.૦૨/– લેખે કુલ રૂા.૦૬ અઠવાઝોન કચેરીએ ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી તમો મેળવી શકો છો. તેવું જણાવેલ છે. જે અંગે બેલદારોના કર્મચારી નંબર, નામ, હોદ્દો ફરજનું સ્થળ દર્શાવતા પત્રકની પાના નંગ–૩ પૂરી પાડેલ જણાય છે.

તેવા પ્રશ્ન બાબત જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૩૪ તા.૧૫–૯–૧૧ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૪ અંગે ડીસેમ્બર–૨૦૦૯ તથા જાન્યુઆરી–૨૦૧૦ માં સેન્ટ્રલઝોનમાં કોઈ બેલદારની નિમણુંક થયેલ નથી. તેવું જણાવેલ છે. તથા ડીસેમ્બર–૨૦૦૯ તથા જાન્યુઆરી–૨૦૧૦ માં સેન્ટ્રલઝોનના બેલદારની માહિતી સેન્ટ્રલઝોનના મહેકમ રજીસ્ટર અથવા પગાર સ્લીપનું ઈન્સ્પેકશન કરવા રજાના દિવસ સિવાય ૧૧.૦૦ થી ૫.૦૦ ના સમયમાં અગાઉથી સમય નકકી કરી રૂબરૂ આવી જોઈ જવા વિનંતી. તે બાદ તેમને જરૂર જણાયે જરૂરી નકલો નિયત ચાર્જ ભરી આપવામાં આવશે. ત્યાર બાદ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૮૧ તા.૧૧–૧–૧૨ થી સેન્ટ્રલઝોનના બેલદારનોની માહિતી માટે સેન્ટ્રલઝોનના મહેકમ રજીસ્ટર અથવા પગાર સ્લીપનું ઈન્સ્પેકશન કરવા રજાના દિવસો સિવાય ઓફિસ સમય ૧૧.૦૦ થી ૫.૦૦ ના સમયમાં અગાઉથી સમય નકકી કરી રૂબરૂ આવી જોઈ જવા જણાવેલ. તેમ છતાં આજ દિન સુધી તેમના ધ્વારા સેન્ટ્રલઝોન કચેરીનો રૂબરૂમાં સંપર્ક કરેલ નથી તથા સેન્ટ્રલઝોનના બેલદારોની માહિતી માટે તા.૨૦–૧–૧૨ ના રોજ ઓફિસ સમય ૧૧.૦૦ થી ૫.૦૦ દરમ્યાન ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી જવા બાદ તેમને જરૂર જણાયે જરૂરી નકલો નિયત ચાર્જ ભરી આપવામાં આવશે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી

વરાછાઝોન તરફથી નિયત સમય અવધિ બાદ પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૦૬ તા.૧૯–૯–૧૧ થી મુદ્દા નં.૪ અંગે પૂર્વઝોન (વરાછા) માં તાલીમાર્થી બેલદારોની પસંદગી કર્યા બાદ મુકવામાં આવેલ બેલદારોના નામ, કર્મચારી નંબર સહિતની માહિતી માટેની નકલ મેળવવા રૂા.૪/– ભર્યેથી આપવામાં આવશે. વરાછાઝોનમાં ડીસે. ૨૦૦૯ માં કુલ બેલદારોની સંખ્યા–૨૪૫ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૩૪૧૬૬ તા.૨૩–૯–૧૧ થી રૂા.૧૪/– ભરપાઈ કરી ડીસે. ૨૦૦૯ પ્રમાણે બેલદારોની યાદીની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી નિયત સમય અવધિમાં પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૦ ૪૦ તા.૧૬–૯–૧૧ થી તાલીમાર્થી બેલદારના ઓર્ડર ૨૦૧૦ માં થયેલ છે. તેમજ કતારગામઝોનમાં કુલ –૨૮૨ બેલદારો ડીસે .૨૦૦૯ માં ફરજ બજાવતા હતાં તેવું જણાવેલ છે. જે અંગે કતારગામઝોનના પે સેન્ટર એન–૮,૧૨,૨૨ મુજબ લીસ્ટની યાદી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં. ૪૬૬૭ તા.૫–૧૦–૧૧ થી રૂા.૮/– ભરપાઈ માહિતી મેળવવા જણાવવામાં આવેલ. ત્યાર બાદ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૯૭૩ તા.૧૭–૧૦–૧૧ થી માહિતી મેળવવા માટે દસ્તાવેજ ફી ભરપાઈ કરી મેળવવા યાદપત્ર–૧ પાઠવવામાં આવેલ છે અને ત્યાર બાદ મુદત વીત્યેથી માહિતી મેળવવામા રસ નથી તેમ સમજી અરજી દફતરે કરવાનું જણાવેલ છે. ત્યાર બાદ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૩૫૧ તા.૯–૧૧–૧૧ થી પુનઃ યાદપત્ર–૨ થી અરજદારને જણાવવામાં આવેલ છે. ત્યાર બાદ અરજદારે રસીદ નં.૯૨૩૪૩ તા.૧૧–૧૧–૧૧ થી રૂા.૮/– ભરપાઈ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૫૨૮ તા.૧૭–૧૧–૧૧ થી નકલ નંગ–૪ પૂરી પાડવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/ આ.ન.૫૬૦ તા.૫–૯–૧૧ થી સમય અવધિમાં તા.૨૧–૧૧–૦૯ ની જાહેરાત નં.પીઆરઓ/૩૫૭ થી ૫૫૦ બેલદારોની ભરતીના અનુસંધાનમાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ સદર તાલીમાર્થી બેલદારોની પસંદગી કર્યા બાદ રાંદેરઝોનમાં નિમણુંક પામેલ કુલ –૬૭ તાલીમાર્થી બેલદારો હાલ કાર્ય કરે છે. સદર તાલીમાર્થી બેલદારોની સંખ્યાની નકલની યાદી રૂા.૨×૨ પાના – કુલ રૂા.૪/– ભર્યેથી મળી શકશે. વધુમાં ડીસેમ્બર –૨૦૦૯ માં કુલ–૧૨૬ બેલદારો કાર્યરત હતાં. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ ૧૩૪૬ તા.૨૮–૯–૧૧ થી સમય અવધિ બાદ ઉધનાઝોનના બેલદારોના નામ કર્મચારી સહિતની માહિતી પાના નંગ–૧૦ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે લીંબાયતઝોન તરફથી અરજદારને કોઈ માહિતી આપવામાં આવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૧૮૬૩ તા.૨–૯–૧૧ થી સમય અવધિમાં માહિતીના પાના નંગ–૧૦૦૪ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૨૦૦૮ ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે તેમના તા.૭–૯–૧૧ ના પત્રથી તપાસણીની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૯૬૧ તા.૧૨–૯–૧૧ થી અરજદારને તા.૧૬–૯–૧૧ ના રોજ રૂબરૂ દફતરી ચકાસણી માટે બોલાવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૫૦ તા.૧૭–૯–૧૧ થી અરજદારને નકલ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા પત્રથી જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તા.૧૬–૯–૧૧ ના રોજ ઈન્સ્પેકશન સંદર્ભે મધ્યસ્થ કચેરીએ હાજર થયેલ. ખાતા ધ્વારા સંબધિત ચકાસણી સંદર્ભે તેઓ સમક્ષ રજૂ કરવામાં આવેલ. પરંતુ અરજદાર ધ્વારા ઈન્સ્પેકશન કરવાની ના પાડેલ અને તે સમયે અરજી આપી જણાવ્યા મુજબની વિગતે માહિતીની યાદી બનાવી નમુના મુજબના ફોર્મેટમાં આપવા જણાવેલ. તથા તેઓએ આ અગાઉ રીક્રુટમેન્ટ વિભાગમાં માહિતી/યાદી પત્રકના સ્વરૂપમાં આપવામાં આવેલ હોવાનું મૌખિક જણાવેલ. જેથી અરજદારને મુળ અરજી તથા તા.૧૬–૯–૧૧ ની અરજીમાં જણાવ્યા મુજબ નમુના ફોર્મેટ અનુસારની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગમાં નિભાવવામાં આવતી હોય તો પરભારે પૂરી પાડવા રીક્રુટમેન્ટ વિભાગને જણાવવામાં આવેલ. જેના સદર્ભે રીક્રુટ મેન્ટ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૨૯ તા.૨૬–૯–૧૧ થી અરજદારને તા.૧૬–૯–૧૧ ની ઈન્સ્પેકશન દરમ્યાન લેખિતમાં જણાવેલ અરજી મુજબ નમુના ફોર્મેટમાં માંગ્યા મુજબની માહિતી રીક્રુટેમન્ટ કચેરી ધ્વારા નિભાવવામાં આવતી ન હોવાથી રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા કોઈ માહિતી પૂરી પાડવાની રહેતી નથી. તેવું જણાવેલ. તેમજ જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ધ્વારા પણ પત્ર નં.જીએડી/ઈએસ ટી/૨૨૧૩ તા.૨૯–૯–૧૧ થી અરજદારની અરજીમાં જણાવ્યા મુજબના નમુના/ફોર્મેટમાં માંગ્યા મુજબની માહિતી માટે તમારી અરજી રીક્રુટમેન્ટ વિભાગે જીએડી/ઈએસટી/આર/૬૨૯ તા.૨૬–૯–૧૧ થી જવાબ પાઠવવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી અરજદારે કરેલ ઈન્સ્પેકશન બાદ તા.૧૬–૯–૧૧ ની અરજીથી જણાવેલ ફોર્મેટમાં ઉમેદવારનું નામ /જાતિ/શૈક્ષણિક લાયકાત/ લીવીંગ સટી. તથા જન્મ તારીખ/નિમણુંકની તારીખ/નિમણુંકના ઝોન વિભાગ/કર્મચારી નંબર વિગેરેનું ફોર્મેટ આપી ગયેલ અને તેવા ફોર્મેટમાં માહિતીની માંગણી કરેલ તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જીએડી/ઈએસટી/આર નાપત્ર નં.૬૨૯ તા.૨૬–૯–૧૧ થી "તા.૧૬–૯–૧૧ ની લેખિતમાં કરેલ અરજીમાં જણાવ્યા મુજબ નમુના/ફોર્મેટમાં માંગ્યા મુજબની માહિતી રીક્રુટમેન્ટ કચેરી ધ્વારા નિભાવવામાં આવતી ન હોવાથી રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા કોઈ માહિતી

પૂરી પાડવાની રહેતી નથી. તેવું જણાવેલ છે તેમજ તે અગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા પણ જણાવવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી /આર/૬૬૩ તા.૫–૧૦–૧૧ થી તા.૨૯–૯–૧૧ ની લેખિતમાં કરેલી અરજીમાં જણાવ્યા મુજબની માહિતી આપે દર્શાવેલ નમુના/ફોર્મેટમાં નિભાવવામાં આવતી ન હોવાથી રીક્રુટમેન્ટ વિભાગ તરફથી તા.૨૬–૯–૧૧ ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૨૯ થી આપેલ જવાબ અવલોકનમાં લેશો. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) સદર જાહેરાત બહાર પાડવા અંગેની સ્થા. સ. ની કે સા. સભા.ના ઠરાવની નકલ. તે અંગેની કોઈ માહિતી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ કક્ષાએથી કે રીક્રુટમેન્ટ કક્ષાએથી અપાયેલ જણાતી નથી કે ઈન્કાર માટે કોઈ અપવાદ જણાવેલ નથી.

અરજદારને જુદા જુદા લાગત જાહેર માહિતી અધિકારીઓ તરફથી આપવામાં આવેલી માહિતી અંગે અરજદાર અપારદર્શી, અપૂરતા અને અયોગ્ય અધૂરા પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૧૯–૧૨–૧૧ ના રોજ વિલંબથી અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અપીલના મુદ્દા નં.૧ માં જીએડી/ઈએસટી/આર/૫૪૬ ના મુદ્દે નારાજગી વ્યકત કરેલ છે જેમાં અરજદારે અરજીના મુદ્દા નં.૧ અને ર બાબતેની વિગતમાં તાલીમાર્થી ૬૭ જણાવેલ છે ડીસે. ર૦૦૯ ની માહિતી આપેલ નથી તેથી માહિતી અધૂરી છે તેવી રજૂઆત કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.જીએડી/ઈએસટી/આર ૫૬૯ તા.૬–૯–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે જેમાં મુદ્દા નં.ર અંગે ડે.કમિ. (સ્પે) ના જીએડી/ઈએસટી/૧૪૫ તા.૨૨–૪–૧૦ ની નોંધ આપેલ છે વધુમાં તેવી માહિતી અંગે જે તે ઝોન ધ્વારા કાર્યવાહી કરવામા આવેલ છે તેવી માહિતી પણ પૂરી પાડવામાં આવેલ છે. જેમાં સંદર્ભમાં અરજદારે જમા કરાવેલ રસીદ અને નકલ ફી આપ્યાની પણ વિગત જણાવેલ છે. અરજદારે અપીલના મુદ્દા નં.૩ માં જીએડી/ઈએસટી/૧૮૬૩ તા.ર–૯–૧૧ નીઆપેલી માહિતી સંદર્ભે નાણા નહીં ભરતાં અરજદારે કરેલ માંગણીના આધારે તા.૧૬–૧૧–૦૯ ના રોજ રૂબરૂ તપાસ ણી માંગવામાં આવેલ. જે અંગે અરજદારે રૂબરૂ ચકાસણી માટે ગયેલ અને અરજદારને રેકર્ડ ચકાસણી માટે આપેલ પરંતુ અરજદારે ચકાસણી નહીં કરી તેમના ફોર્મેટમાં તા.૧૬–૯–૧૧ ના પત્રમાં ફોર્મેટમાં માહિતી માંગેલ. જે અંગેજીએડી/ઈએસટી/૬૨૯ થી અરજદારને તેવી માહિતી નિભાવવામાં આવતી ન હોવાથી માહિતી પૂરી પાડી શકાય તેમ નથી. આમ અરજદારનો આગ્રહ તેના ફોર્મેટમાં માહિતી મેળવવાનો છે. જે આરટીઆઈ કાયદાની કલમ–૭(૯) ના અપવાદ તથા આમુખથી ચરિતાર્થ થયેલ મર્યાદિત નાણાકીય સંશાધનોનો મહત્તમ ઉપયોગની ભાવના સાથે સુસંગત નથી. આરટીઆઈ એકટની કલમ–ર(એફ) અને ર(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. આરટીઆઈ કાયદાના આમુખમાં જણાવ્યા મુજબ મર્યાદિત નાણાંકીય સાધનોનો મહત્તમ ઉપયોગ કરવા તથા કલમ–૭(૯)અનુસાર સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પુરી પાડવી જોઈશે,સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય એવું જણાવવામાં આવેલ હોય. વધુમાં જાહેર માહિતી અધિકારીએ નવી માહિતી ઉત્પન કરીને પૂરી પાડવાની રહેતી નથી. અપીલના મુદ્દા નં.૩ માં અરજદારે સેન્ટ્રલઝોનના પત્ર નં.૧૦૩૪ થી બોગસ માહિતી આપેલ હોવાની રજૂઆત કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૧ માં બેલદારોની નિમણુંક ન થયેલ હોવાનું જણાવેલ છે જયારે બીજા મુદ્દામાં સદર સમયગાળાના મહેકમ રજીસ્ટર તથા પગાર સ્લીપનું ઈન્સ્પેકશન કરવાનું જણાવેલ છે પરંતુ અરજદારે મેળવેલનથી. અપીલના મુદ્દા નં.૪ માં અરજદારે અઠવાઝોન ના પત્ર નં.૬૮૭ થી તરફથી આપવામાં આવેલ માહિતી અંગે નારાજગી ડીસે. ર૦૦૯ ની માહિતી નહીં પૂરી પાડેલ હોય અધૂરી હોવાની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં રસીદ નં.૩૪૧૬૧ તા.૨૨–૯–૧૧ થી દસ્તાવેજ ફી રૂા.૬/– ભરપાઈ કરલ હોય અરજદારને માહિતી આપવામાં આવેલ છે અને તેની એકનોલેજેન્ટ સ્લીપ રજૂ કરેલ છે પરંતુ શું માહિતી પાઠવવામાં આવેલ છે તેના પત્રની નકલ બંને પક્ષકાર પૈકી કોઈએ રજૂ કરેલ નથી. અરજદારના અપીલના મુદ્દા નં.૫ માં કતારગામઝોન તરફથી પત્ર ન.એન.ઝેડ/૪૦૪૦ થી બેલદારો ફરજ બજાવતા હતાં તેવી માહિતી આપેલ છે પરંતુ જે અપૂરતી અને અયોગ્ય હોવાની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૫૨૮ તા.૧૭–૧૧–૧૧ થી અરજદારને કતારગામઝોનના પે સેન્ટર એન–૮,૧૨ અને ૨૨ ની યાદી મુજબની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી આપવામાં આવેલી માહિતી અંગે રૂા.૧૪/– તા.૨૩–૯–૧૧ થી ભરી દીધેલ છે . જેમાં અરજદારે સાત પાનાની જગ્યાએ પાંચ પાનાની માહિતી આપેલ છે તેવું જણાવી બેલદારો ૨૪૫ જેટલા નવા અને જુનાની માહિતી એક સાથે આપી પારદર્શીતા જણાવેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ બાકીના બે પાનાની માહિતી બાકી હોય તો પૂરી પાડવાની રહે. અપીલનાં મુદ્દા નં.૭ માં જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી ૩૩૯ બેલદારોની જે નવા જુનાની બેલદારોની માહિતી એક સાથે આપેલ છે જેથી પારદર્શીતા જળવાયેલ નથી. તથા પત્ર નં.૧૩૪૬ થી આપેલ માહિતી ૧૦ પાનાની જગ્યાએ આઠ પાનાની છે. આમ અરજદારે પીઆરઓ/૩૧૭ મુજબ નિમણુંક પામેલાની માહિતી માંગેલ છે જે અંગે માંગણી મુજબની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે. અપીલના મુદ્દા નં.૮ અને ૯ ની ફોર્મેટમાં માહિતી બાબતેની રજૂઆત અપીલના મુદ્દા નં.૧ અને ૩ માં સ્પષ્ટતા કરવામાં આવેલ છે. અરજદારના છેલ્લા મુદ્દા અંગે અપીલ તબકકે કોઈ તકરારને કોઈ સ્થાન નથી.

સમગ્ર બાબતો ધ્યાને લેતાં અરજદારને મુદ્દા નં.૧ ની માહિતી જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ કક્ષાએથી દફતરી વિગતે અપાયેલ છે. તેમાં કોઈ તકરાર નથી. જેથી તે અંગેની અરજદારની અપીલ તબકકેની રજૂઆત તર્ક સંગત બુધ્ધિગમ્ય નથી. મુદ્દા નં.ર અંગે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ કક્ષાએથી ડે.કમિ. (સ્પે.) નો નોંધ પૂરી પાડેલ છે પરંતુ જેમાં પસંદગી સમિતિના સભ્યના હોદ્દા અને ઝોનની વિગત છે પણ નામ જણાવવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ કક્ષાએથી પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૩ અંગે જે તમામઝોન અને પક્ષકાર જાહેર માહિતી અધિકારીને લાગુ પડે છે તે અંગે જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) કક્ષાએથી દફતરી તપાસણી સહ નકલો આપવા માટે પુનરાવર્તિત પ્રસ્તાવ કરેલ છે. પરંતુ અરજદાર ધ્વારા ફી ભરીને માહિતી મેળવવાના બદલે ચોકકસ પત્રકમાં તૈયાર કરી આપવા રાખેલ આગ્રહ કાયદાની કલમ–ર(એફ) અને ર (જે), ૭(૯) અને આમુખથી ચરિતાર્થની ભાવના સાથે સુસંગત નથી. મુદ્દા નં.૪ અંગે સંબંધકર્તા ઝોન ધ્વારા લીંબાયતઝોન સિવાય – પે સેન્ટર પ્રમાણે માહિતી આપેલ છે અથવા તપાસણી માટે પ્રસ્તાવ કરેલ છે. જેથી તે અંગે લીંબાયતઝોન સિવાય માહિતી અંગે કોઈ વિવાદ નથી. મુદ્દા નં.પ ની કોઈ જ માહિતી જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) કક્ષાએથી અપાયેલ જણાતી નથી. જે જાહેર સત્તા મંડળમાં સક્ષમસત્તાની મંજુરી હોવાનું અનુમાનિત છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.ર૦–૮–૧૧ થી માંગવામાં આવેલ માહિતી અંગે અરજદારે અઘટિત વિલંબથી પ્રથમ અપીલ અરજી કરેલ છે અને તે માટે કાયદાની કલમ–૧૯(૧) હેઠળ અપીલ તબકકે તક આપવા છતાં કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી. તેમ છતાં કાયદાથી ચરિતાર્થ થયેલ ભાવના અને હાર્દને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે.

અરજદારે મુળ અરજીથી માંગેલ માહિતી પૈકી લીંબાયતઝોન ધ્વારા નહીં પૂરી પાડેલ મુદ્દા નં.૪ ની દફતરી હકીકતલક્ષી માહિતી, મુદ્દા નં.ર ની આંશિક પસંદગી સમિતિના સભ્યોના નામની જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ ધ્વારા નહીં પૂરી પાડેલ માહિતી તથા મુદ્દા નં. પ ની સ્થા.સ. ઠરાવ બાબતની જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ધ્વારા નહીં પૂરી પાડેલ માહિતી અનુક્રમે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ), પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને અરજદારની વિલંબિત અપીલ ધ્યાને લેતાં આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયમ–પ ના ઉપલક્ષ્યમાં લાગુ કિસ્સામાં નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરવાની રીતે દિન–૭ માં દફતરી ઉપલબ્ધ માહિતી અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા જણાવવામાં આવે છે.

મુદ્દા નં.૩ તથા મુદ્દા નં.૪ અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) અને સેન્ટ્રલઝોનના પ્રસ્તાવ અનુસાર લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

ઉધના અને વરાછાઝોને આપેલ માહિતીના પાના બે–બે ઓછા હોવાના અરજદારના દાવા અંગે સદર બંને જાહેર માહિતી અધિકારીઓને ભરપાઈ કરેલ ફી સામે આપેલ માહિતીના પાનાની વિગત પુનઃ ચકાસી ખુટતા પાના હોય તો પૂરી પાડવા અન્યથા રકમ સરભર કરવા અનુક્રમે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –ર–૧ર

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી (તમામઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ, મધ્યસ્થ મહેકમ)
...જાણ તથા અમલ માટે

(ર)શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,